

# કરણ જોહરની વેબ સિરીઝમાં અનન્યા પાંડે કહેશે, 'કોલ મી બે'

એક સમય આવશે કે જ્યારે ફિલ્મમાં અને ટી.વી. સિરીયલ યા વેબ સિરીઝમાં કામ કરવું સરખું મહત્ત્વનું બની જશે અને બધાં કળાકારો પોતાને ફક્ત આર્ટિસ્ટની કેટેગરીથી ઓળખાવશે. આની શરૂઆત અમિતાભ બચ્ચને કરી હતી અને હવે બધા જ એ રસ્તે આવી રહ્યા છે.

**વેબસ્ટાર**

અનન્યા પાંડે અલબત્ત કોઇ મોટી ફિલ્મ સ્ટાર નથી, પણ ઘણા માને છે કે જો તે જામશે તો એકદમ જામી જશે. તેને હજુ યોગ્ય ફિલ્મ મળવી બાકી છે. અનન્યા પોતે પણ એવું જ માને છે અને તેની વચ્ચે તે 'કોલ મી બેદ નામની ટી.વી. શ્રેણીનો ભાગ બની છે. કોલિન ડીકુન્હા દિગ્દર્શિત આ શ્રેણીમાં વરુણ ધવન, જૂહી બબ્બર, નીલમ કોઠારી વગેરે પણ છે. આ સિરીઝનો નિર્માતા કરણ જોહર છે એટલે આ બધા સ્ટાર્સ ના ન પાડે. હવે મોટા મોટા ફિલ્મ નિર્માતા વેબ સિરીઝ બનાવી રહ્યા છે. ચાહે આદિત્ય ચોપરા હોય, સંજય લીલા ભણશાલી હોય, વિશાલ ભારદ્વાજ હોય.

'કોલ મી બે (BAE)'ની કહાણી ફેશન અને કરોડપતિ કુટુંબમાં સંઘર્ષની છે એટલે અનન્યા આવી ભૂમિકા માટે ફીટમફીટ ગણાવી શકાય. અત્યારે તે 'કન્ટ્રોલ', 'રન ફોર યંગ', 'બેટલ ધ શીડ્સ'થી માંડી અન્ય ત્રણેક ફિલ્મોમાં રોકાયેલી છે. આ ફિલ્મો તેને તેનું અપેક્ષિત સ્થાન અપાવશે. અનન્યા ખૂબ મહેનતુ છે અને પોતાના લક્ષ્ય વિશે સભાન પણ છે. એવા લક્ષ્યનો જ એક ભાગ આ વેબ સિરીઝ છે. 'ડ્રીમ ગર્લ-2' અને 'ખો ગયે હમ કહાં'માં પ્રશંસા મેળવ્યા પછી હવે વેબ સિરીઝમાં પણ પોતાની જગ્યા ઊભી કરવા તે તત્પર છે. એમેઝોન પ્રાઇમ વિડીયો પર તેની આ સિરીઝ આવવાની છે. અનન્યા તેનામાં Baeની ભૂમિકામાં છે. તેમાં તે બ્યુટીફૂલ અને ફેશનેબલ દેખાશે, સ્ટાઇલીશ દેખાશે. હજુ આ સિરીઝ ક્યારે સ્ટ્રીમ થશે તેની તારીખ જાહેર નથી થઇ, પણ તે માટે વધારે સમય નહીં લાગશે.

જો કે અનન્યાની સિરીઝ શરૂ થાય તે પહેલાં આદિત્ય રોય કપૂર સાથે તે ડેટ કરી રહી હોવાની ચર્ચા વધારે જોરમાં છે અને એ ચર્ચા જોર પકડે તે પહેલાં એ સંબંધ તૂટી ગયાની ચર્ચા વધુ જોરમાં છે. હવે અત્યારે તો ખબર નથી પડતી કે બંનેના સંબંધ ખરેખર શું છે પણ આદિત્ય રોય કપૂર માટે આ સંબંધ સાવ નવો નથી તે તો એક સમયે શ્રધ્ધા કપૂર સાથેના સંબંધથી પણ ચર્ચાતો હતો. ખેર! જે હશે તે પણ અત્યારે આદિત્યથી અનન્યા વધારે બિઝી છે. ●

# 'સેન'સેશનલ અનુષ્કા!



યુવાનીમાં ઉછળતી છોકરી જેણે જવું છે કેનેડા અને જવું પડે છે વતનના ગામમાં બસ શરૂ થઈ ગયો સંઘર્ષ. શહેરમાં રહી જાતજાતના તોફાનો કરતી અને મૌજ કરતી છોકરી ગામડામાં વડીલો વચ્ચે શું કરે? બસ, આ વિષય છે શરૂ થયેલી 'દિલ દોસ્તી ડિલેમાં'ની પહેલી સિઝન. 25 મી એપ્રિલે શરૂ થયેલી આ સિરીઝ 'અસ્માારાસ સમર્સ' નોવેલ આધારીત છે જે અંદલીત વાજિદે લખી છે.

ઓટીટી પર રિલીઝ આ સિરીઝમાં મુખ્ય ભૂમિકામાં અનુષ્કા સેન છે. એમઝોન પ્રાઇમ વિડીયો પર તમે તે જોઇ શકશો. અનુષ્કા ઉપરાંત કુશ જોતવાની, વિશાખા પાંડે રેવતી પિલ્લાઇ. એલીસા મેયર જેવા યુવા કળાકારો સાથે તન્વી આઝમી, શિશીર શર્મા અને સુહાસિની મૂલેનો અભિનય છે.

**અત્યારે તો કોરિઅન ટુરીઝમની તે એમ્બેસડેર છે. મ્યુઝિક વિડીયો કરી ચુકેલી અનુષ્કાની આ ત્રીજી વેબસિરીઝ છે. અનુષ્કાએ પોતાની ઉંમર પ્રમાણે ભૂમિકા મળતી ગઇ એટલે તેની અને તેણે ભજવેલી પાત્રોનું ઉંમર જાણે એક છે તે આ માટે પોતાને નબીસવંતી માને છે. તેને ઘણું કરવું છે અને ઘણું થઇ રહ્યું છે. 'દિલ દોસ્તી ડિલેમા' યુવા પેઢી અને આગલી પેઢી વચ્ચે વહેંચાયેલી છે. એટલે બધાને ગમશે તેમ એ માને છે**

**સ્મોલ સ્ક્રિન**

અનુષ્કા હજુ 21 વર્ષની જ છે. આ પહેલા તે 'બાલવીર'માં મહેરની ભૂમિકાથી જાણીતી થઇ ચુકી છે. 'ઝાંસી કી રાની' નામની ટી.વી. શ્રેણીમાં તે મણિકર્ણિકા રાવ એટલે કે રાની લક્ષ્મીબાઇ તરીકે પણ હતી. મુંબઇની ઠાકુર કોલેજ ઓફ સાયન્સમાં તે સિનેટ્રોગ્રાફીમાં ડિગ્રી લેવા પ્રયત્નશીલ હતી અને આજે ય છે પણ થોડી વ્યસત થઇ જતાં જરા ધીમી છે. મૂળ ઝારખંડના રાંચીની અનુષ્કા આ તો બંગાળી છે 2009માં ઝીટીવી પરની 'યહાં મે ઘર ઘર ખેલી'માં તે બાળ કલાકાર તરીકે હતી પણ 'બાલવીર'થી તે એકદમ જામી ગઇ અને ત્યારે તેને 'ક્રેમી કુક્કડ ફેમિલી' ફિલ્મ પણ મળેલી અનુષ્કાએ કામ શરૂ કર્યુ પછી ફુરસદ નથી મળી. 'ઇન્ટરનેટવાલા લવ' અને 'દેવો કે દેવ.. મહાદેવ..'ટી.વી. સિરીયલ પછી વળી તેને 'લિહાફ' જેવી ફિલ્મ મળેલી. વાત એટલી કે તે 22 ઉંમરે તે જાણે સિનીયર જેવી થઇ ગઇ છે. અત્યારે તો કોરિઅન ટુરીઝમની તે એમ્બેસડેર છે. મ્યુઝિક વિડીયો કરી ચુકેલી અનુષ્કાની આ ત્રીજી વેબસિરીઝ છે. અનુષ્કાએ પોતાની ઉંમર પ્રમાણે ભૂમિકા મળતી ગઇ એટલે તેની અને તેણે ભજવેલી પાત્રોનું ઉંમર જાણે એક છે તે આ માટે પોતાને નબીસવંતી માને છે. તે ઘણું કરવું છે અને ઘણું થઇ રહ્યું છે. 'દિલ દોસ્તી ડિલેમા' યુવા પેઢી અને આગ્રહી પેઢી વચ્ચે વહેંચાયેલી છે. એટલે બધાને ગમશે તેમ એ માને છે. ●

# ક્યારેક સીતા ક્યારેક પાર્વતી અને હવે લક્ષ્મીજી રૂપ દર્શન દે છે શિવ્યા પઠાનીયા



દેવી-દેવીના અવતાર ધરવા જો હવે રણબીર કપૂર, સાઇ પલ્લવી યા ક્રિતી સેનનોન (સીતા) પ્રભાસ (રામ) તૈયાર હોય તો તેને અર્થ એ થયો કે દેશમાં દેવી-દેવીઓ તો હાજરા હજૂર છે. રામાનંદ સાગરની 'રામાયણ'ના રામ-સીતા આજે પણ તેની લોકપ્રિયતાની કમાણી કરે છે.

શિવ્યા પાઠનીયા હમણા 'લક્ષ્મી નારાયણ'મા લક્ષ્મીનો અવતાર ધરીને કલર ટીવી પર આવે છે. શિવ્યા પોતે પરંપરાઓ અને 'અધ્યાત્મમાં ખૂબ વિશ્વાસ ધરાવે છે. હમણાં રામનવમીએ તે અયોધ્યા ગઇ હતી. કારણ તે તેને આપણા -દેવી-દેવતા પર પુરતી શ્રદ્ધા છે બચપણથી તેના એ જ સંસ્કાર છે. રામનવમીએ તે હંમેશા ઉપવાસ રાખી અને એ રીતે તે ધાર્મિક પર્વે ઉપવાસ રાખવામાં માને છે. તે નવરાત્રીમાં પણ નવે નવ દિવસ ઉપવાસ કરે છે. તે પોતે સીતાનું પાત્ર પણ ભજવી ચુકી છે. અને હવે લક્ષ્મીરૂપે ટીવી પર દર્શન આપી રહી છે. તે પોતાના આ પાત્રો વિશે કહે છે કે માત્ર અભિભન વડે આવા પાત્રો શક્ય નથી. તમારી પોતોની પણ શ્રદ્ધા હોવી જોઇએ અને તો પાત્રોમાં એક ખાસ ચમક ઉમેરાશે.

શિવ્યા હિમાચલ પ્રદેશની છે તે ધાર્મિક સિરીયલોની ફેવરીટ એક્ટ્રેસ છે. અગાઉ 'રાધા કિષ્ના'મા ગોલોકની રાધા બનેલી શિવ્યા 'રામ સિયા કે લવકુશ' મા સીતા અને પછી 'બાલ શિવ મહાદેવ કી અન દેખી ગાથા' માં દેવી પાર્વતી પણ બની ચુકી છે. અને હવે 'શિવ શકિત્- તપ ત્યાગ તાંડવામાં લક્ષ્મી રૂપે દર્શન આપવા ઉપરાંત લક્ષ્મી નારાયણ' ટી.વી સિરીટલમાં પણ લક્ષ્મી રૂપે જ દેખાય રહી છે. તે કહે છે કે 'વિક્રમ વેતાલ કી રહસ્યગાથા' માં પણ તે લક્ષ્મીનું પાત્ર ભજવી ચુકી છે.

**ટીવીયાના**

શિવ્યાએ 2014માં 'હમસફર'ના આરઝુ સાહિર આઝિમ ચૌધરીના પાત્રથી શરૂઆત કેટલી અને પછી 'એક રિશ્તા સાઝેદારીકા'માં સાંછી મિત્તલ શેઠીયા અને માલવિલ સહેગલનું પાત્ર ભજવી ઓળખ બનાવેલી. ત્યારથી આજ સુધી તેને કામની ફૂરસદ નથી મળી. ૨013માં મિલ સીમલા જાહેર થઇ ત્યારે તેને આ અભિયનની કારકિર્દીનો ખ્યાલ નહતો. પણ એક પછી બીજી ભૂમિકા મળતી ગઇ. અને હવે અભિનય જ તેનું જીવન બની ગયું છે. મૂળ હમીરપુરની રહેનારી શિવ્યાએ એજિનીયરીંગનો અભ્યાસ પૂરો કર્યા પછી સૌંદર્ય સ્પર્ધામાં પણ ભાગ લીધેલો. બાકી તેના પિતા તો શિમલાના લેબર એન્ડ એમ્પલોયમેન્ટ વિભાગમાં લો ઓફિસર છે. શિવ્યા કહે છે કે તે સૌંદર્ય સ્પર્ધા જરૂર જીતવા માંગતી હતી પણ ટી.વી પ્રેક્ષકોના દિલ જીતશે તેવો તેને ખ્યાલ નહોતો. તેને ધાર્મિક સિરીયલોમાં કામ કરવું ગમે છે અને કહે છે કે આવા પાત્રો ભજવવાનો અનુભવ જ જુદો હોય છે. અને દરેક પાત્રો વડે ખબર પડે છે આપણું ધર્મજગત કેટલું બધુ સમુદ્ધ છે. ●

# તરુણ તાહિલિઆની

## પહેરાવે તે પહેરે છે આ અભિનેત્રી, ચાહે લહેંગા, બ્લાઉઝ કે સાડી!

આપણે કેટલા ફેશનેબલ છે તે ખબર નથી પણ ફેશનમાં રહેવું બધાને ગમે છે. હા, કેટલાંક એવાં હોય છે, જે ફેશનથી બેખબર રહી પોતાની રીતે જીવી લે છે. ફેશનની જરૂર તેને વધારે પડતી હોય છે, જેને લાખો કે કરોડો લોકો જોતાં હોય. ઘણી વાર એવાં લોકો સભાનપણે ફેશન ન કરે તો પણ તે જે કરે તેને ફેશન તરીકે અપનાવી લેવાતું હોય છે. જો કે તે તો સંજોગની વાત થઇ, પણ જે ફેશન સભાન હોય તે ફેશન પેદા પણ કરે છે. આજે તો ફેશન ડિઝાઇનર્સની બોલબાલા છે. એવાં નામોમાં એક તરુણ તાહિલીઆની છે. 1987માં તેમણે તેમનાં પત્ની શૈલજા સાથે ભારતમાં પ્રથમ કહેવાય એવી મલ્ટી ડિઝાઇનર બુટીકની સ્થાપના કરી અને 1990માં તેમણે તાહિલીઆની ડિઝાઇન સ્ટુડિયોની શરૂઆત કરી. તરુણે ભારતીય પરંપરિત વસ્ત્રોની પરંપરા સાથે આધુનિક સ્ટાઇલનું મિશ્રણ કરી પોતાની ખાસ ઇમેજ ઊભી કરી છે. તેઓનાં કપડાં પહેરી રેમ્પ પર જયારે કોઇ મોડલ ચાલે તો લોકો મોડલની પછી પહેલાં પેલી ફેશન સ્ટાઇલને જુએ છે. તરુણે ખબર છે કે ભારત દેશ જૂદો છે. અહીંના કાપડ જૂદા છે, અહીં જૂદી જૂદી રીતે વસ્ત્રો પહેરાય છે ને પ્રસંગો પ્રમાણે વૈવિધ્ય છે અને આ બધામાં મુખ્ય વાત પરંપરિત દેખાવાની ઇચ્છા મોર્ડન જે છે તે પરંપરા સાથે જોડાયેલું છે.

તરુણનાં વસ્ત્રો પહેરેલી દીપિકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરાને તમે 'બાજીરાવ મસ્તાની'માં જોઇ હશે. એ ફિલ્મનાં વસ્ત્રોમાં તેમણે ઇતિહાસને ય જાળવવાનો હતો કારણ કે ઇ.સ. 1700થી 1740 વચ્ચે થઇ ગયેલા મરાઠા પેશવા બાજીરાવ અને તેની બીજી પત્ની મસ્તાનીની વાત હતી. એ સમયે પેશવાનાં વસ્ત્રો જૂદાં અને ત્યારના રાજમહેલમાં રાણીઓ અને બીજાં બધાં પહેરે તે વસ્ત્રો જૂદાં.

પણ તરુણ તાહિલીઆનીએ અનેક મોડલ માટે વસ્ત્રો ડિઝાઇન કર્યાં છે અને તેમાં ઐશ્વર્યા રાય, દીપિકા પાદુકોણે, કેટરીના કૈફથી માંડી શિલ્પા શેટ્ટી સહિત ઘણા છે. મોટાં શહેરોનું ફેશન જગત બહુ મોટું છે. ત્યાં સૌંદર્ય સ્પર્ધાઓ પણ યોજાતી રહે અને ફેનશ શો પણ થતા રહેતા હોય છે. ફિલ્મજગતની દરેક અભિનેત્રીઓ તરુણ તાહિલીઆનીનો ફોન નંબર સાથે રાખે છે. આજકાલ અનેક એવી ફિલ્મો બને છે, જેમાં જૂદી સ્ટાઇલ, જૂદી ફેશનની જરૂર પડે. આજની અભિનેત્રીઓ ફેશન ડિઝાઇનર્સ વિના ફિલ્મના સેટ પર હાજર થતી નથી, ચાહે ક્રિતી સેનન હોય કે આલિયા ભટ્ટ, ભૂમિ પડનેકર હોય કે કરીના કપૂર.

હવે ફેશન ડિઝાઇનર્સની જરૂર મુકેશ અંબાણી જેવાના ઘરે લગ્નો યોજાય તેમાંય પડે છે. હમણાં જામનગરમાં જે અનેક સ્ટાર્સ ગયેલાં તેમાંનાં અનેક વસ્ત્રો તરુણનાં બનાવેલાં હતાં. એટલું જ નહીં, હવે ફિલ્મોના પ્રમોશન માટે સ્ટાર્સને મોટા મોટા શહેરમાં જવું પડે ત્યારે ફેશન ડિઝાઇનર્સ જ તેમના લુકસને સંભાળે છે. આ ફેશનમાં ભરતકામ, દોરીકામ, જરી, બુટ્ટા સહિત અનેકનું ઉમેરણ



**ટ્રેન્ડ**

થતું હોય છે. વળી દરેક અભિનેત્રીની પર્સનલ ચોઇસ પણ હોય તેનું પણ ધ્યાન રાખવું પડે. તેમની ત્વચા પ્રમાણે વસ્ત્રોના રંગ પણ નક્કી કરવા પડે. તરુણ તાહિલીઆનીના દુપટ્ટા, લહેંઘા, બ્લાઉઝ, સ્ટાર્ફ એકદમ ખાસ હોય છે. માધુરી દીક્ષિત, નીતા અંબાણી, ઓપ્રા વિન્ફ્રે, કરીના કપૂર, પ્રિયંકા ચોપરા જ નહીં, મહેન્દ્રસીંઘ ધોની પણ તેના ડિઝાઇન કરેલાં વસ્ત્રોમાં દેખાતાં હોય છે. અનેક અભિનેત્રીઓ પરણે ત્યારે તરુણ તાહિલીઆનીનાં વસ્ત્રો પહેરી પરણે છે. તેમના એક એક ગાઉન 50-75 લાખના થતા હોય છે. તેમની સાડીઓ પણ હવે ડિઝાઇનર્સ હોય છે. મનિષ મલ્હોત્રા, સબ્યસાચી મુખરજી, રીત કુમાર, અનિતા ડોંગ્રે, અબુ જાની, સંદીપ ખોસલા, મસાબા વગેરે સાથે તરુણ તાહિલીઆનીનું મોટું નામ છે. આ ફેશન ડિઝાઇનર્સની જરૂરિયાતો હવે સતત વધી રહી છે. ●